# કચ્છમાં રણોત્સવનો રંગારંગ પ્રારંભ

**સફેદ રણના અદ્‌ભુત સૌંદર્યને માણવાનો ઉત્સવ : દિવાળીની રજાઓ સાથે જ રણોત્સવનો આરંભ થતા પ્રવાસીઓનો ઉત્સાહ બેવડાયો : સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતના આકર્ષણોએ દેશ-વિદેશના મુલાકાતીઓને આનંદિત કર્યા**





ગાંધીનગર, તા. ૨

દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બનેલ વિશ્વના એકમાત્ર સફેદ રણની સુંદરતાને માણવાનો અવસર એટલે રણોત્સવનો ઉલ્લાસભેર આરંભ થઈ ચુક્યો છે. લગભગ ત્રણ માસ સુધી ચાલનારા આ ઉત્સવના એડવાન્સ બુકીંગને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. દિવાળી પર્વની રજાઓ અને વેકેશનને આ ઉત્સવ સાથે જોડવાના પ્રવાસન વિભાગની પ્રસંશનીય પહેલને ભારે આવકાર મળી રહ્યો છે. પ્રથમ દિવસે જ મુલાકાતીઓની ભારે ભીડ રણોત્સવને માણવા ઉમટી હતી.

ભાઈબીજની વહેલી સવારે ઘોરડો પહોંચેલા મુલાકાતીઓનું ઉષ્માભેર સ્વાગત કરી રણોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પરંપરાગત કચ્છી આગતાસ્વાગતા સાથે મુલાકાતીઓને આવકારી ઘોરડોના ટેન્ટ સીટીમાં રણોત્સવ આરંભાયો હતો. સમગ્ર વિશ્વમાં એક માત્ર એવા સફેદ રણના સાંનિધ્યમાં આરંભાતા આ રણોત્સવની દેશ-વિદેશના પ્રવાસીઓમાં એક આગવી ઓળખ બની ચુકી છે. ''કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા''ની મહાનાયક અમિતાભ બચ્ચનના મુખે બોલાતી ટેંગલાઈન અહીંના અદ્‌ભૂત સૌંદર્યને ખરા અર્થમાં સાર્થક કરે છે. આ વર્ષે પ્રવાસન વિભાગે એક અનોખી પહેલ કરી છે. રણોત્સવ અને દિવાળીના વેકેશનને એક સાથે જોડી દઈ રણોત્સવનો વહેલો આરંભ કરવામાં આવ્યો છે. જેથી વધુમાં વધુ મુલાકાતીઓ આ ઉત્સવને માણી શકે.

નવેમ્બર માસના પ્રારંભે શરૂ થયેલો આ રણોત્સવ છેક ફેબ્રુઆરી માસના મધ્યભાગ સુધી ચાલશે. સફેદ રણના અદ્‌ભૂત સૌંદર્ય સાથે દરરોજ સાંજે યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતના વિવિધ આકર્ષણો પ્રવાસીઓને આ ઉત્સવની મુલાકાત લેવા માટે આકર્ષી રહ્યા છે. ઓનલાઈન બુકીંગને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યા છે. પ્રવાસન વિભાગ દ્વારા રણોત્સવ માટે આકર્ષક પેકેજ પણ ઉપલબ્ધ કરાયા છે. જે તેની વેબસાઈટની મુલાકાત લઈ જાણી શકાય છે.

સફેદ રણના અદ્‌ભૂત સૂર્યોદય અને સૂર્યાસ્તને માણવાનો લહાવો હોય કે, પરંપરાગત કચ્છી ગુજરાતી ભોજનની લહેજત હોય, કેમલ કાર્ટની રાઈડ હોય કે એડવેન્ચર ઝોનમાં પેરાગ્લાઈડીંગ કરી શુધ્ધ હવાને ફેફસામાં ભરવાનો ઉલ્લાસ હોય, ટેન્ટ સીટીમાં રહેવાના રજવાડી ઠાઠ સાથે આપણાં જ આંગણે યોજાતા આ રણોત્સવની મુલાકાત જીવનભરનું અમુલ્ય સંભારણુ બની રહેશે તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી.








આજરોજ સતર્કતા જાગૃતિ સપ્તાહ-૨૦૧૬ અંતર્ગત દેના ગુજરાત ગ્રામીણ બેંક, હેડ ઓફીસ, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે બેંકના ચેરમેન બલવીરસિંઘ લુથરા દ્વારા તમામ સ્ટાફ મિત્રોને સમાજમાંથી લાંચ રૂશ્વતનું દૂષણ દૂર કરવા અને ભ્રષ્ટાચાર નાબુદી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી તથા તેઓએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતુ. આજરોજ બેંકના ક્ષેત્રીય કાર્યાલયોમાં તથા શાખાઓમાં તમામ સ્ટાફમિત્રો દ્વારા પણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

## સે.૧ તળાવ યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. જયારે તળાવની સફાઈના મામલે પણ નિરસતા દાખવવામાં આવતા નવી સમસ્યાઓ ઉભી થઈ છે. સે-૧ તળાવ વિકાસની યોજના પાછળ અત્યાર સુધી અંદાજિત રૂ ૭ કરોડ જેટલો તોતિંગ ખર્ચ થઈ ગયો છે. તળાવને પિકનીક સ્પોટ બનાવાની યોજના હજુ પણ સાકાર થઈ નથી. તળાવ વિકાસની સાથે આ વિસ્તારમાં સ્લોપીંગ ગાર્ડન તેમજ ફુડકોર્ડનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. પરંતુ ફુડકોર્ટની દુકાનો તૈયાર કરી દેવાયા બાદ વર્ષોના અંતે પણ દુકાનોની ફાળવણી કરવામાં આવી નથી. જેના પરિણામે આ ફુડકોર્ટ પણ ખંડેર બની છે. જયારે તળાવ વિકાસની યોજનાના મુળ આકર્ષણરૂપ તળાવ પણ ખાલીખમ હાલતમાં છે. આ તળાવમાં કયારેય પાણી ભરાયુ જ નથી. તળાવના તળિયાની તરસ છિપાતી જ નથી. બીજીતરફ તળાવના એરિયામાં ગંદકી પ્રસરતી જાય છે. તળાવના વિસ્તારમાં વનસ્પતિ અને જાડી ઝાંખરા ઉગી નિકળ્યા છે.








